| | | |
|---|---|---|
| GJBN010025372025 | દાખલ તારીખ | ૬/૬/૨૦૨૫ |
| | રજી.લીધા તારીખ | ૬/૬/૨૦૨૫ |
| | ફેસલ તારીખ | ૬/૪/૨૦૨૬ |
| | સમય ગાળો | વર્ષ માસ દિવર |
| | | 0 10 0 |

સત્યમેવ જયતે

**ભાવનગરના મહેરબાન સેશન્સ જજ સાહેબની કોર્ટમા,મુકામ ભાવનગર.**

**ફોજદારી અપીલ નં. ૧૩૦ /૨૦૨૫**

આંક–

**શ્રી સરકાર, ::**
**થ્રુ એડી.પબ્લીક પ્રોસકયુટર, ::**
**ભાવનગર. :: અપીલવાળા ::**

**વિરૂધ્ધ**

**(૧) પ્રવિણભાઈ ઉર્ફે મુન્નો મકાભાઈ બાંભણીયા, ::**
**ઉ.વ., ::**
**(૨) શૈલેષભાઈ મકાભાઈ બાંભણીયા, ::**
**ઉ.વ.૨૬, ::**
**(૩) લવજીભાઈ ઉર્ફે વિષ્ણુભાઈ મકાભાઈ ::**
**બાંભણીયા, ::**
**ઉ.વ.૨૮, ::**
**રહે.કુંભારવાડા, ઘોઘા, તા.ઘોઘા, ::**
**જી.ભાવનગર. :: સામાવાળા ::**

**બાબત:–સી.આર.પી.સી.કલમ–૩૭૮ હેઠળ ઘોઘાના મહે.જયુડી.મેજી.ફ.ક.શ્રીએ ફોજદારી કેસ નં.૧૫૭/૨૦૨૧ ના કામે તા.૮/૫/૨૦૨૫ ના રોજ આરોપીઓને શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરતા પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાના હુકમ સામે અપીલ.**

**અપીલવાળા તરફે :: વિ.વ.પી.પી.શ્રી એમ.આર.જોશી.**

**સામાવાળા તરફે :: વિ.વ.શ્રી એચ.બી.જોષી.**

## -: ચૂકા દો :-

(૧) આ કામના અપીલવાળાની અપીલની ટુકમાં હકીકત એવી છે કે,ઘોઘાના વિ.જયુડી.મેજી.શ્રીનાઓએ ફોજદારરી કેસ નં.૧૫૭/૨૦૨૧ ના કામે તા.૮/૫/૨૦૨૫ ના રોજ આરોપીઓને શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરતા પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે તે હુકમથી નારાજ થઇ અપીલવાળા (શ્રી સરકાર) તરફથી હાલની આ અપીલ દાખલ કરવામાં આવેલ છે.

(૧.૨) અપીલવાળાએ અપીલમા જણાવેલ છે કે, નીચેની કોર્ટે પુરાવાનુ યોગ્ય રીતે મુલ્યાંકન કરી ઠરાવ આપેલ નથી. આ કામે ત.ક.અ. ધ્વારા ઇ.પી.કોડની કલમ-૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનુ ર્ચાજશીટ કરવામાં આવેલ અને સદર કેસ ઘોઘાના વિ.જયુડી.મેજી.ફ.ક.ની કોર્ટમાં ચાલી જતા આરોપીને પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે તે હુકમ યોગ્ય કે વ્યાજબી નથી.

(૧.૩) અપીલવાળાએ અપીલમા જણાવેલ છે કે, નીચેની કોર્ટે પોતાની સમક્ષના ફરિયાદીએ આંક-૧૧ થી આપેલ જુબાની પ્રોસીકયુશન કેસને સમર્થનકારી હોય તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં ગંભીર ભુલ કરેલ હોય સવાલવાળો ઠરાવ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ટકવા પાત્ર ન હોય નીચેની અદાલતે મુળ આરોપીઓ અને આ કામના સામાવાળાઓને છોડી મુકતો હુકમ રદ કરી મુળ આરોપીઓ અને આ કામના સામાવાળાને સજા ફરમાવતો હુકમ પસાર કરવા અરજ કરેલ છે.

(૧.૪) અપીલવાળાએ વધુમા અપીલમા જણાવેલ છે કે, નીચેની અદાલતે, પોતાની સમક્ષના સાહેદ આંક-૩૦ થી ડોકટરની હાજબીમાં ઈજા પામનારની તપાસ કરતા ઈજા પામનાર ધ્વારા પ્રવિણભાઇ મકાભાઇ બાંભણીયા ઉર્ફે મુન્ના અને બીજા બે જણાએ કુંભારવાડા મા સાંજના પાંચ સવા પાંચની આજુબાજુ માર મારેલાનુજણાવેલુ અને તેઓ પ્રાથમીક સારવાર

સી.એચ.સી. ઘોઘામાંથી લઇને આવેલાનું જણાવેલ છે અને ઉલટ તપાસમાં આ હકીકતની ડીનાઇલ કરવામાં આવેલ છે તે હકીકત રેકર્ડ પર હોવા છતાં નીચેની કોર્ટ ધ્વારા નિર્ણય કરતી વખતે તે ધ્યાને લીધેલ નથી તથા આંક-૩ર થી જાહેરનામાના સાહેદને આંક-૩૮ થી ત.ક.અ.એ આપેલ જુબાની પ્રોસીકયુશન કેસને સમર્થનકારી હોય તેમ છતા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં ગંભીર ભુલ કરેલ હોય સવાલવાળો ઠરાવ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ટકવા પાત્ર ન હોય નીચેની અદાલતે મુળ આરોપીઓ અને સામાવાળાને નિદોર્ષ ઠરાવી છોડી મુકતા હુકમ રદ કરી મુળ આરોપીઓ અને સામાવાળાને સજા ફરમાવતો હુકમ પસાર કવા અરજ કરેલ છે. તેમજ આ કામે ફરીયાદ પક્ષે જરુરી તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરેલ છે પરંતુ ફરીયાદ પક્ષના પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં નામદાર કોર્ટ ચોકસાઇ દાખવી હોય તેવુ જણાતુ નથી અને કાયદાની જોગવાઇઓને ધ્યાને રાખી મુલ્યાંકન કરેલ નહી હોવાથી કરવા પાત્ર થાય આ કામે ફરીયાદ પક્ષે દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરી કેસ સાબીત કરેલ હોવા છતા નીચેની કોર્ટે પુરાવો માનેલ નહી હોવાથી અપીલ કરવા પાત્ર થાય છે. સબબ હાલની અપીલ દાખલ કરી દાદ માગેલ છે કે, ફોજદારી કેસ નં.૧૫૭/૨૦૨૧ ના કામે ઇ.પી.કોડની કલમ-૩૨૫,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ ઘોઘાના વિ.જયુડી.મેજી.શ્રીનાઓએ તા.૮/૫/૨૦૨૫ ના રોજ આરોપીઓને પુરતા પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાના ચુકાદો રદ કરી આ કામના સામાવાળા અને મુળ આરોપીઓને સદરહુ ગુનાના કામે આંક-૪ થી ફરમાવેલ તહોમચતનામા હેઠળ કસુરવાન ઠરાવી સખત સજા ફરમાવવા અને અપીલના કામે આનંષાંગીક દાદ અગર દાદો અપાવવા અરજ કરેલ છે.

(૨) સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.વકીલશ્રી એચ.બી.જોશી હાજર થયેલ છે, ફરીયાદ પક્ષે વિ.પી.પી.શ્રી એમ.આર.જોશીને સાંભળ્યા., જયારે બચાવ પક્ષે વિ.વ.શ્રી એચ.બી.જોશીનાઓએ આંક-૮ થી રજુ કરેલ લેખિત દલીલ ધ્યાને,વંચાણે લેવામાં આવેલ છે.

(૩) ઉપરોકત હકીકતે આ અપીલના આખરી નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**<u>-:: મુદ્દાઓ ::-</u>**

(૧) શું અપીલવાળાઓ પુરવાર કરે છે કે, ટ્રાયલ કોર્ટ ધ્વારા ફોજદારી કેસ નં.૧૫૭/૨૦૨૧ ના કામે તા.૮/૫/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ હુકમ કાયદાથી ભુલ ભરેલો છે અને તેમાં હસ્તક્ષેપ કરવુ જરૂરી છે. ?

(૨) શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. **નકારમા**

૨. **આખરી હુકમ મુજબ.**

(૫) આ કામે અપીલવાળાએ જયારે અપીલ અદાલત સમક્ષ હાલની અપીલ દાખલ કરેલ છે ત્યારે અપીલ કરનારે સૌપ્રથમ ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલ ભરેલો અને કાયદાથી વિરૂધ્ધનો અનિયમીતતા વાળો હોવાનું પુરવાર કરવુ પડે અને તેથી તે હુકમમાં હસ્તક્ષેપ કરવા પાત્ર હોવાનું આ અદાલત સમક્ષ પ્રથમ દર્શનીય પુરવાર કરવાનું રહે છે. એટલુ જ નહી. અદાલત સમક્ષ એવુ પણ સંતોષકારક રીતે પુરવાર કરવુ પડે કે, ટ્રાયલ કોર્ટના રેકર્ડમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં ખુબજ ગંભીર પ્રકારની ભુલ ભરેલ હોવાનું પુરવાર કરવાનુ રહે છે.

(૬) આ કામે રેકર્ડ ઉપરની તમામ હકીકતો અને રજુઆતોના સંદર્ભમાં, આ કામના વિવાદીત હુકમ/ચુકાદાને વંચાણે લઇ રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતોના સંદર્ભમાં તેના ઉપર પુરતી વિચારણા કરવામાં આવેલ છે તેમજ આ કામના વિવાદીત હુકમ/ચુકાદાને સમગ્ર રેકર્ડ ઉપરની પુરાવાકીય હકીકતો અને તેના તમામ ગુણદોષના સંદર્ભમાં ચકાસવામા તથા મુલવવામાં

આવેલ છે. તેમજ આ કામે રેકર્ડ ઉપર કરવામાં આવેલી રજુઆતોની સમગ્ર હકીકતો પણ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

ક્રિમીનલ જયુરીશપ્રુડન્સનો વાયાનો સિધ્ધાંત એ છે કે, ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનુ તહોમત કોઇપણ જાતની વ્યાજબી શંકાથી પર રહીને સાબીત કરવાનુ હોય છે.

**<u>મુદા નં.૧ ની ચર્ચા :–</u>**

(૭) ટ્રાયલ કોર્ટનું રેકર્ડ ધ્યાને લેતા,આ કામના આરોપીઓએ તા.૧૯/૧૧/૨૦૨૦ ના રોજ કલાક ૧૭:૧૫ વાગ્યે ઘોઘા તાલુકાના કુંભારવાડા પીરબાપાની દરગાહ પાસે આ કામના ફરીયાદી તથા સામાવાળાને ગઇ નવરાત્રીમાં ઝઘડો તકરાર થયેલી જે અંગે ફરીયાદપક્ષના તથા આરોપીપક્ષેના માણસોની સામસામા ઘોઘા પોલીસ સ્ટેશનમાં અરજીઓ થયેલ અને તેમાં બંને પક્ષો ઉપર પોલીસ કાર્યવાહી થયેલ જે ઝઘડાને અનુસંધાને બંને પક્ષો વચ્ચે મનદુ:ખ ચાલતુ હોય તેની દાઝ રાખીને આ કામના આરોપીઓએ તા.૧૯/૧૧/૨૦૨૦ ના રોજ સાંજના સવા પાંચેક વાગ્યાના સમયે હાથમાં ધોકો તથા ખુલ્લા હાથે આવી ફરીયાદી સાથે ગાળાગાળી કરી આરોપી નં.૧ નાએ તેની પાસેના ધોકા વતી ફરીયાદીને ડાબા હાથે બે ત્રણ ઘા મારી ફ્રેકચરની ઈજા કી તથા આરોપી નં.૨,૩ નાએ ઢીકાપાટુ વડે મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવાનો આરોપ છે.

(૮) ટ્રાયલ કોર્ટમાં આંક–૧૧ થી ફરીયાદી વિપુલભાઇ મુકેશભાઇ સોલંકીનો પુરાવો નોધવામાં આવેલ છે જે ધ્યાને લેતા, ..'' **ત્યારે આરોપી મુનાભાઇ મકાભાઇ બાંભણીયા જેનુસાચુ નામ પ્રવિણભાઇ છે તે ત્યાં ઉભા હતા અને મને જોઇને તેના બીજા બે ભાઇઓ શૈલેષભાઇ તથા વિષ્નુભાઇને ત્યાં લઇને આવેલા અને આ મુનાભાઇ મને માર મારવા લાગેલ મને તને પોલીસનો પાવર છે તેવુ કહી એલફેલ બોલવા લાગેલ જેથી મે મારા ભાઇ**

**રાકેશભાઈ તથા નીલેશભાઈ જે બંને મારા ભાઈઓ થાય છે તેમને ફોન કરેલો અને આથી તેઓ સ્થળ ઉપર આવેલા જેથી આ ત્રણેય જણા ભાગી ગયેલા અને મને મારા ભાઈઓ નીલેશભાઈ અને રાકેશભાઈ ઘોઘા સરકારી દવાખાને લાવેલા..'' આ બનાવમા મને પ્રવિભાઈ ઉર્ફે મુનાભાઈએ ધોકા વડે ડાબા પગે જે ભુટણથી નીચેના ભાગે તથા સાથળ ઉપર તથા ડાબા હાથે તથા કંમ્મર મા પાછળ ના ભાગે માર મારેલો મને ડાબા હાથ પર ધોકા ના બે ઘા મારેલા જેથી મારો હાથ પંજાના ભાગેથી તથા કાંડાના ઉપરના ભાગેથી ભાંગી ગયેલો..''** બનાવનુ કારણ આ બનાવ બનતા પહેલા આશરે એકાદ મહીના પહેલા અમારા ઘબર પાસેના રામાપીરના મંદીરમા પૈસાના વહીવટ બાબતે આરોપીઓએ મારા દાદા ડાહ્યાભાઈ પોપટભાઈ સોલંકી જેઓ હાલ હયાત નથી તેઓનુ અવસાન થયેલ છે તેઓની પાસે હીસાબ રહેતો હતો તે બાબતમા અમોને ગાળો બોલી ઝગડો કરેલ..'' હવે, ફરીયાદી ધ્વારા આંક–૧૩ થી આપવામા આવેલ ફરીયાદ જોતા, ત્રણેય આરોપીઓ મોટર સાયકલ લઈને બનાવવાળી જગ્યાએ આવેલ હોવાનુ ફરીયાદીએ જણાવેલ છે જયારે ફરીયાદીએ તેઓની સરતપાસમાં આ હકીકત જણાવેલ નથી અને ફરીયાદીએ તેઓની સરતપાસમાં ફરીયાદી બનાવવાળી જગ્યાએ ઉભા હતા ત્યારે આરોપી મુનાભાઈ મકાભાઈ બાંભણીયા ત્યાં ઉભો હતો અને ફરીયાદીને જોઈને તેના બીજા બે ભાઈઓ શૈલેષભાઈ તથા વિષ્નુભાઈને ત્યાં લઈને આવેલ અને આરોપીઓએ ફરીયાદીને મારેલ હોવાનુ જણાવેલ છે, જયારે ફરીયાદીએ તેઓની સરતપાસમાં તેમને પ્રવિણભાઈ ઉર્ફે મુન્નાભાઈએ ધોકા વડે ડાબા પગે ઘુટણથી નીચેના ભાગે તથા સાથળ ઉપર તથા ડાબા હાથે તથા કમ્મરમા પાછળના ભાગે માર મારેલો અને ડાબા હાથ પર ધોકાના બે ઘા મારેલા જેથી તેઓનો હાથ પંજાના ભાગેથી અને કાંડાના ઉપરના ભાગેથી ભાંગી ગયેલો હોવાનુ જણાવેલ છે. જયારે ફરીયાદ હકીકત જોતા, શૈલેષભાઈ અને વિષ્ણુભાઈએ ફરીયાદીને ઢીકા પાટુ વતી માર મારેલ અને પ્રવિણભાઈ ઉર્ફેમુનાભાઈએ તેના હાથમા લાકડાનો ધોકો હોય તેના વતી ડાબા હાથે બેથી ત્રણ ઘા મારેલા તેમજ તાછળના ભાગે અને ડાબા પગે એક ઘા મારેલો હોવાનુ જણાવેલ છે.આમ, ફરીયાદ મુજબ ફરીયાદીને ડાબા પગે ઘુટણથી નીચેના ભાગ તથા સાથળ ના ભાગે ફરીયાદીને આરોપી ધ્વારા ઈજા કરવામા આવેલ

હોવાનુ જણાય આવતુ નથી જયારે આંક-૩૦ થી તપાસવામા આવેલ મેડીકલ ઓફીસર ફસીહા શહેજાદ અકબાણી કે જેઓએ ઈજા પામનારની ઈજાની સારવાર કરેલ છે તેઓના પુરાવા મુજબ દર્દીને ડાબા હાથ મા સોજો અને દુખાવો હતો અને તેઓ સભાન અવસ્થામા હતા, એકસ-રે કરાવવામા આવતા દર્દીના ડાબા હાથની પહેલી અને ત્રીજી આંગળીના કાંડાના નીચેના ભાગે ફ્રેકચર હતુ તેમજ અલ્નાબોન ઉપર પણ ફ્રેકચર હતુ. આમ, મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાને ધ્યાને લેતા, ઈજા પામનારને ડાબા હાથમા ફકત સોજો હતો અને ડાબા હાથની પહેલી અને ત્રીજી આંગળીના કાંડાના નીચેના ભાગે ફ્રેકચર હતુ.આમ, ફરીયાદી/ઈજા પામનારની આંક-૧૨ ની ફરીયાદમાં તેઓને આરોપી ધ્વારા આંગળી પર ઈજા કરવામા આવેલ હોવાની હકીકત જણાય આવતી નથી અને મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાને જોતા, ઈજા પામનારને ડાબા પગે ઘુટણથી નીચેના ભાગે તથા સાથળ પર અને ડાબા હાથે અને કમ્મર ના પાછળના ભાગે ઈજા થયેલ હોવાનુ મેડીકલ પુરાવા પરથી જણાય આવતુ નથી.

(૯) વધુમાં, આ કામે ફરીયાદીના પુરાવાને ધ્યાને લેતા,બનાવ વખતે ફરીયાદીએ તેઓના ભાઈ **રાકેશભાઈ તથા નીલેશભાઈ બંનેને ફોન કરતા તેઓ સ્થળ પર આવેલા જેથી આ ત્રણેય જણા ભાગી ગયેલા અને આ તેઓના ભાઈઓ નીલેશભાઈ અને રાકેશભાઈ ઘોઘા સરકારી દવાખાને ફરીયાદીને સારવાર માટે લઈ ગયેલા છે,** જયારે તેઓએ તેમની આંક-૧૨ ની ફરીયાદમા **..'' વધુ માર મારતા મારા મિત્રો રોહીતભાઈ તથા સાગરભાઈ વચ્ચે પડી છોડાવેલ હતા..''** અને **..'' તેમ કહી જતા રહેલા હતા પછી મે મારા ભાઈ મયુરભાઈને ફોન કરી સ્થળ પર બોલાવી તે આવી જતા તેની મોટર સાયકલની પાછળ બેસી સારવાર માટે...''** આમ, આ કામના ફરીયાદીએ તેઓની સરતપાસમાં બનાવ વખતે તેમને જયારે આરોપી માર મારતા હતા ત્યારે ફરીયાદીના મિત્રો રોહીતભાઈ તથા સાગરભાઈએ વચ્ચે પડી ફરીયાદીને વધુ માર મારવામાથી છોડાવેલ હોવાનુ ફરીયાદી તેઓની સોગંદપરની જુબાનીમા જણાવતા નથી.હવે, ફરીયાદીની ફરીયાદ સંદર્ભે ચર્ચા કરીએ તો, ફરીયાદીની ફરીયાદમા સાગરભાઈએ વચ્ચે પડી છોડવેલા હોવાનુ ફરીયાદી

જણાવે છે, જયારે આંક–૨૦ થી તપાસવામા આવેલ સાગરભાઈ નાનજીભાઈ કંટારીયા તથા આંક–૨૨ થી તપાસવામા આવેલ સાહેદ રોહીતભાઈ જેન્તીભાઇ બાંભણીયાના પુરાવાને જોતા, તેઓએ ફકત પોલીસે તેમનુ નામ,સરનામુ પુછેલ બનાવ શુ બનેલ તે તેમને ખબર નથી તેમ જણાવેલ હોય તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે અને ફરી ગયેલા જાહેર થયા બાદની વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ મારા મારીમાં વચ્ચે પડી આ વિપુલને વધુ માર મારવાથી બચાવેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલો છે.

(૧૦) વધુમાં, આ કામે આંક–૨૪ થી નપાસવામા આવેલ સાહેદ મયુરભાઈ પરશોતમભાઈ સોલંકી તેમજ સાહેદ લક્ષ્મણભાઈ ઝવેરભાઈ સોલંકીના આંક–૨૫ ના પુરાવાને જોતા, આ સાહેદ બનાવ વખતે બનાવવાળી જગ્યાએ હાજર ન હતા એ તેમને ફોનથી બનાવની જાણ થતા તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા છે અને ત્યાં ઈજા પામનાર ને ઈજાગ્રસ્ત જોયેલા છે.જેથી આ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરુપ થતો નથી. જયારે આંક–૨૬ થી તપાસવામા આવેલ સાહેદ મુકેશભાઈ પોપટભાઈ સોલંકીના પુરાવાને ધ્યાને લેતા, તેઓ પણ બનાવ વખતે તેમના ભાઈની કેબીન હતા અને તેઓએ આરોપીઓએ ફરીયાદીને મારેલ હોવાનુ જણાવેલ છે, પરંતુ બનાવની ફરીયાદ કોણે આપેલ તે તેમને ખબર નથી તેમજ પોલીસે બનાવ બાબતે તેમની કોઇ પુછપરછ કરેલ નહી અને તેઓએ કશુ લખાવેલ પણ નથી. તેમજ આંક–૨૭ થી તપાસવામા આવેલ સાહેદ આશાબેન નીલેશભાઈ સોલંકીના પુરાવાને ધ્યાને લેતા, આ સાહેદ બનાવ વખતે ઘરે હતા અને તેમને આ બનાવની વાતોવાતથી જાણ થયેલી છે અને આ બનાવના કારણની પણ સાહેદને ખબર નથી તેવુ જણાવે છે.

(૧૧) હવે, આ કામે ફરીયાદીના કથન મુજબ,બનાવ વખતે ફરીયાદીએ રાકેશભાઈ તથા નીલેશભાઈને ફોન કરતા તેઓ આવી ગયેલા અને આરોપીઓ ભાગી ગયેલા અને ફરીયાદીને આ બંને સાહેદો હોસ્પીટલમા સારવાર માટે લઈ ગયેલા છે. જેથી આ કામે સાહેદ રાકેશભાઈ મુકેશભાઈ

સોલંકીનો પુરાવો ધ્યાને લેવો જરુરી બને છે. જેઓને નીચેની કોર્ટમાં આંક– ૨૮ થી તપાસવામાં આવેલા છે તેઓના પુરાવાને ધ્યાને લેતા,..'' **મારા ઉપર ભુરાભાઈનો ફોન આવેલો અને મને કહેલ કે તારા ભાઈ વિપુલ ને માર મારેલો અને મને ઘરે આવતો રહે તેવુ કહેલ જેથી હુ ઘરે આવતો રહેલો અને મે ઘરે આવીને તપાસ કરી તો વિપુલને ઘોઘા મુકામે સરકારી હોસ્પીટલમા સારવાર માટે લઈ ગયેલા અને વધુ સારવાર માટે ભાવનગર સરકારી દવાખાને લઈ ગયેલા..**'' આમ, આ સાહેદે બનાવ નજરે જોયેલો નથી. આ સાહેદ ને ભુરાભાઈનો ફોન આવેલો હોવાનુ સાહેદને કહેવુ છે જે ભુરાભાઈનો આ કામે ફરીયાદીએ તેઓના પુરાવામા અને ફરીયાદમાં કોઈપણ પ્રકારનો ઉલ્લેખ કરેલો નથી, જયારે ફરીયાદીના કથન મુજબ ફરીયાદીએ આ સાહેદને બનાવ વખતે ફોન કરેલો છે અને આ સાહેદના જણાવ્યા મુજબ તેમને ભુરાભાઈએ બનાવનો ફોન કરતા તેઓ ઘરે ગયેલા છે અને તેમને ઘરે ગયા પછી ખબર પડેલી છે કે, ઈજા પામનારને ઘોઘા દવાખાને લઈ ગયેલા છે. આમ, આ કામના ફરીયાદીના પુરાવા અને ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ, આ સાહેદ ફરીયાદીને તેઓની મોટર સાયકલ પર બેસાડીને દવાખાને લઈ ગયેલા હોવાનુ ફરીયાદીનુ કથન છે જે આ સાહેદના પુરાવા થી વિરોધાભાષ જણાય છે કારણ કે, આ સાહેદને બનાવની ખબર પડયા બાદ તેઓ સીધા જ તેમના ઘરે ગયેલા છે. બનાવવાળી જગ્યાએ આ સાહેદ ગયેલા હોય તેવુ તેમના પુરાવા પરથી જણાય આવતુ નથી.જેથી આ સાહેદે બનાવ નજરે જોયેલ હોવાનુ કે સાહેદના ગયા બાદ તુરત જ આરોપીઓ બનાવવાળી જગ્યાએથી નાસી ગયેલાનુ હોવાનુ માનવા કોઈ યોગ્ય પુરાવો રેકર્ડ પરથી જણાય આવતો નથી.

(૧૨) હવે, આ કામે જે કારણોસર બનાવ બનેલ છે તે કારણ એટલે કે, બનાવનો હેતુ **(મોટીવ)** પણ ખુબજ મહત્વ ધરાવે છે. આ કામે ફરીયાદીના કથન મુજબ, આ બનાવનુ કારણ બનતા પહેલા આશરે એકાદ મહીના પહેલા ફરીયાદીના ઘર પાસેના રામાપીરના મંદિર મા પૈસાના વહીવટ બાબતે આરોપીઓએ ફરીયાદીના દાદા ડાહ્યાનભાઈ પોપટઘાઈ સોલંકી કે જેઓ હયાત નથી તેઓની પાસે **હીસાબ રહેતો હતો તે બાબતમા તેઓને ગાળો બોલી જગડો કરેલ જે બનાવના કારણે હાલનો બનાવ બનેલો છે**. હવે,

આ ફરીયાદ હકીકતની અંદર આરોપીઓ અને ફરીયાદીને અગાઉ મંદીરના હીસાબ પેટે માથાકુટ થયેલ હોવાનુ જણાય છે પરંતુ આ હકીકત સંદર્ભે ફરીયાદીએ આરોપીઓ ઉપર અગાઉ કોઇ ફરીયાદ કરેલ હોય તેવુ ફરીયાદી તેઓના પુરાવામા જણાવતા નથી, જયારે આંક-૧૨ ની ફરીયાદ ધ્યાને લેતા,.." **અમારે નોરતામા આ લોકો સાથે બોલાચાલી થયેલ હતી જેની દાઝ રાખી..**" આમ, ફરીયાદીના પુરાવામા અને ફરીયાદીની ફરીયાદમાં બનાવ બનવા સંદર્ભે વિરોધાભાષ આવે છે. જેથી આ કામના ફરીયાદીનો પુરાવો જે રેકર્ડ પર આવેલ છે તેમાં ફરીયાદીને થયેલ ઈજા સંદર્ભે, બનાવવાળી જગ્યાએ સાહેદ રાકેશભાઇ અને નીલેશભાઇ આવી ગયેલ હોવાની હકીકત સંદર્ભે, તેમજ સાહેદ રાકેશભાઇને ફરીયાદીએ ફોન કરેલ નથી પરંતુ ભુરાભાઇએ બનાવ બાબતે ફોન કરેલ છે તે હકીકત સંદર્ભે તેમજ ફરીયાદમાં ફરીયાદીને માર મારવામાથી **રોહીતભાઈ તથા સાગરભાઇએ વચ્ચે પડીને બચાવેલા છે** જે બંને સાહેદોને બનાવ વિશે કોઇ માહીતી નથી તે હકીકત રેકર્ડ પર આવે છે તે હકીકત સંદર્ભે ખુબજ મહત્વનો વિરોધાભાષ આવે છે. એ હકીકત સાથે આ અદાલત સહમત થાય છે કે, જયારે કોઇ બનાવ બને ત્યારે સ્વભાવિક રીતે જ બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો નો પુરાવો મેળવવો મુશ્કેલ ભર્યો રહે કારણ કે, કોઈપણ વ્યકિત કોઈપણ વ્યકિતની વિરુધ્ધ પુરાવો આપતા ખચકાય પરંતુ એ હકીકત સાથે આ અદાલત સહમત થાય છે કે, જો બનાવમાં એક જ સાહેદનો પુરાવો ભરોસાલાયક અને વિશ્વાસપ્રેરીત હોય તો તેને અવગણવો પણ ન જોઇએ અને વિશ્વાસપ્રેરીત એક પુરાવા ઉપર પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. આ કામે ફરીયાદીને ઈજા થયેલ છે તે ઈજાની તેઓએ સારવાર લીધેલી છે અને મેડીકલ હીસ્ટ્રીમા આરોપીઓના નામ પણ જણાવેલા છે પરંતુ તેટલા માત્રથી બચાવ પક્ષને મદદરુપ થતા બચાવને અવગણી ન શકાય. આ કામે ફરીયાદીનો અદાલત સમક્ષનો પુરાવો, અને ફરીયાદ હકીકત માં મહત્વનો વિરોધાભાષ જણાય આવે છે. આ કામે જે સાહેદોને તપાસવામા આવેલા છે તે એક પણ સાહેદે બનાવ નજરે જોયેલ હોવાનુ રેકર્ડ પરથી ફલીત થતુ નથી. ફરીયાદી જે સાહેદોએ બનાવ જોયેલ હોવાનુ જણાવે છે તે સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે અને ફરીયાદમા ફરીયાદીના જે મીત્રોએ ફરીયાદીને માર મારવામાથી બચાવેલા છે

તે સાહેદોનો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ નથી. જેથી ફરીયાદીનો પુરાવો ભરોસાપાત્ર અને વિશ્વાસપ્રેરીત હોવાનુ હું માનતો નથી.

(૧૩) ફરીયાદ પક્ષ તર્ફે ઉપરોકત ગુના સંદર્ભે રજુ ચેલ પુરાવો ધ્યાને લઇએ તો, ફરીચાદીએ તેઓની ફરીચાદમાં એવી હકકીકત જણાવી છે કે,આરોપીએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી બનાવ વખતે આપેલ. ફરીયાદીએ તેઓની સોગંદપરની જુબાનીમા પણ તેમને મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ જણાવેલ છે. પરતુ હાલનો બનાવ બન્યા બાદ આરોપીએ બનાવવાળી જગ્યાએ જ ભય વગર રહે છે તેઓ સાથે અન્ય કોઇ બનાવ બનેલ હોવાનુ રેકર્ડ પરથી જણાય આવતુ નથી. આ કામે ફરીયાદ પક્ષે આરોપી સામેની ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ નો ગુનો સાબીત કરવા બનાવ સમયે આરોપી ધ્વારા વપરાયેલા અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઇએ. જો તે શબ્દો રેકર્ડ પર આવેલા ન હોય તો ઈ.પી.કોડની કલમ–૫૦૪ નો ગુનો આચરવામાં આવેલો છે, તેવુ કહી શકાય નહી. સાથો સાથ ફરીયાદપક્ષે એ હકીકત પણ પુવાર કરવાની રહે છે કે, અપમાન માત્ર ઈરાદાપુર્વકનુ નહીચ પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતીનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતો હોવો જોઇએ. જયારે કે, ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૬(૨) નો ગુનો સાબીત કરવા ધમકીના કારણસર વ્યકિતનામનમા ગભરાટ ઉભો થતો હોવો જોઇએ અને અપાચેલ ધમકીને કારણે સતત ભયની ઘંટી બજતી હોય તેવુ લાગવુ જોઇએ. આ તબકકે નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા આપવામાં આવેલ પ્રવિણ બેચરભાઇ વણકર વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાના નં.૩૩૭ નો ચુકાદો ધ્યાને લેવો અત્યંત જરૂરી છે. નામ.ગુજરાત હાઇકોર્ટ ધ્વારા ઉપરોકત ચુકાદામાં સ્પષ્ટરીતે એવું ઠરાવેલ છે ક, ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ નો ગુનો સાબીત કરવા આરોપી ધ્વારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઇએ. જો તે રેકર્ડ પર આવે નહી તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહી. વધુમાં કલમ–૫૦૪ મા લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપુર્વકનુ જ નહી, પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઇએ. આ ઉપરાંત,

ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) ના ગુન્હા સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ મુન્સાફખાન યાસીનખાન પઠાણ વિ.સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૨(૧) જી.એલ.એચ.(યુ.જે.)૪ નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો, સદર ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ગુનાહીત ધાક ધમકી–મૃત્યુ અથવા તો ગંભીર વચથા પહોંચાડવાની અપાયેલ ધમકીના કારણે ફરીયાદીને સતત ભયની ઘંટડી બજતી હોય તેવુ લાગવું જોઈએ અને તેનાં મનમાં ગભરાટદઉભો કરતું હોવુ જોઈએ. વધુમાં, આવી ધમકીના કારણે ફરીયાદી ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે પોતાની ફરજ અદા કરવા માટે અશકિતમાન થયેલા હોવા જોઈએ. જો આવો પુરાવો રેકર્ડ પર આવેલો ન હોય તો આ કલમ અન્વયે ગુનો સાબીત થતો નથી. હાલનાં કેસમાં આ ઉપરોકત ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લઈ ચર્ચા કરીએ તો, આ કામે ફરીયાદી ધ્વારા ફરીયાદમાં આરોપીએ ભુંડાબોલી ગાળો બોલવા લાગેલા હોવાનુ અને ધમકી આપેલ હોવાનુ જણાવેલ છે, જયારે પોતાની જુબકાનીમાં મારી નાખવાની ધમકી આપેલાનુ જણાવેલ છે, પરંતુ હાલના કેસમાં ફરીયાદ પક્ષનો પુરાવો તેમજ ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતાં, આરોપી ધ્વારા વપરાયેલા અસલ શબ્દો રેકર્ડ પર આવેલા નથી. જેથી જયાં સુધી અસલ શબ્દો રેકર્ડ પર ન આવે ત્યાં સુધી ઈ.પી.ક.કલમ–૫૦૪ નો ગુનો આચરવામાં આવેલો છે તેવુ ઠરાવી શકાય નહી. હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી ધ્વારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવેલા નથી તેથી ઈ.પી.કો.કલમ–૫૦૪ નો ગુનો આચરવામાં આવેલો છે તેવું ફરીયાદપક્ષે સાબીત થતુ નથી. વધુમાં, માત્ર ગાળો આપવામાં આવે તે કારણથી ઈ.પી.કોડ કલમ–૫૦૪ નો ગુનો બને છે તેમ કહી શકાય નહી. ઈ.પી.કો.કલમ–૫૦૪ નો ગુનો ત્યારે જ બને છે, જયારે તેવા શબ્દોના કારણે સામી વ્યકિત કોઈ ગુનો કરવા ઉશ્કેરાઈ અથવા જાહેર શાંતિનો ભંગ કરવા ઉશ્કેરાઈ અથવા તો શબ્દોના કારણે વ્યકિત ઉશ્કેરાઈને શાંતીનો ભંગ કરી બેસે અથવા તો કોઈ ગુનો કરી બેસે. વધુમાં, ઈ.પી.કોડની કલમ–૫૦૪ માં લખ્યા પ્રમાણેનું અપમાન માત્ર ઈરાદાપૂર્વકનું જ નહી, પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ. પરંતુ ફરીયાદપક્ષ તરફે આવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ

નથી. ફરીયાદપક્ષે માત્ર ગાળો આપેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ અગાઉ ચર્ચા કરેલ તેમ આરોપી ધ્વારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવેલા નથી. જેથી ઇ.પી.કો.કલમ–૫૦૪ નો ગુનો આચરવામાં આવેલો છે, તેવુ ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ઇ.પી.કો.કલમ–૫૦૬(૨) નો ગુનામા દર્શાવ્યા પ્રમાણે ધમકી એવી હોવી જોઇએ કે, અપાયેલ ધમકીના કારણોસર વ્યકિતના મન મા સતત ભયની ઘંટી બજતી હોવી જોઇએ અને ધમકી અપાયેલ વ્યકિતના મનમા ગભરાટ ઉભી કરતી હોવી જોઇએ. વધુમાં, સદર ધમકીના કારણે ફરીયાદી ફરીયાદ નોંધાવ્યા પછી કોઇપણ સમયે પોતાની ફરજ અદા કરવા અકિતમાન ન હોવા જોઇએ.

તે ઉપરાંત, નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા તાજેતરમાં FAKIRSHAH ALIAS VARIAVA AND ANOTHERS V/S. STATE OF GUJARAT AND ANR. 2024 (1) GLR-462. ના ચુકાદામા નીચે મુજબ ઠરાવેલ છે કે,

9. Another question that would require to be considered is that whether criminal proceedings against the applicant should be allowed to be taken over in view of the charge for the offence punishable under Sections 504 of the Indian Penal Code requires following ingredients:

(i) intentional insult,

(b) the insult must be such as to give provocation to the person insulted, and

(c) the accused must intend or know that such provocation would cause another to break the public peace or to commit any other offence.

10. Law laid down by the Apex Court in the case of Fiona Shrikhande and Anr. vs. State of Maharashtra, reported in 2013 (3) GLH 107 in which para 13 is observed as under:

“13.Section 504 IPC comprises of the following ingredients

viz.(a) intentional insult, (b) the insult must be such as to give provocation to the person insulted, and (c) the accused must intend or know that such provocation would cause another to break the public peace or to commit any other offence. The intentional insult must be of such a degree that should provoke a person to break the public peace or to commit any other offence. The person who intentionally insults intending or knowing it to be likely that it will give provocation to any other person and such provocation will cause to break the public peace or to commit any other offence, in such a situation, the ingredients of Section 504 are satisfied. One of the essential elements constituting the offence is that there should have been an act or conduct amounting to intentional insult and the mere fact that the accused abused the complainant, as such, is not sufficient by itself to warrant a conviction under Section 504 IPC."

તે ઉપરાંત, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તાજેતરમાં MOHAMMAD WAJID & ANR. …APPELLANT(S) VERSUS STATE OF U.P. & ORS. …RESPONDENT(S), CRIMINAL APPEAL NO. 2340 OF 2023 માં ઠરાવેલ છે કે,

25. Section 504 of the IPC contemplates intentionally insulting a person and thereby provoking such person insulted to breach the peace or intentionally insulting a person knowing it to be likely that the person insulted may be provoked so as to cause a breach of the public peace or to commit any other offence. Mere abuse may not come within the purview of the section. But, the words of abuse in a particular case might amount to an intentional insult

provoking the person insulted to commit a breach of the public peace or to commit any other offence. If abusive language is used intentionally and is of such a nature as would in the ordinary course of events lead the person insulted to break the peace or to commit an offence under the law, the case is not taken away from the purview of the ection merely because the insulted person did not actually break the peace or commit any offence having exercised selfcontrol or having been subjected to abject terror by the offender. In judging whether particular abusive language is attracted by Section 504, IPC, the court has to find out what, in the ordinary circumstances, would be the effect of the abusive language used and not what the complainant actually did as a result of his peculiar idiosyncrasy or cool temperament or sense of discipline. It is the ordinary general nature of the abusive language that is the test for considering whether the abusive language is an intentional insult likely to provoke the person insulted to commit a breach of the peace and not the particular conduct or temperament of the complainant.

26. Mere abuse, discourtesy, rudeness or insolence, may not amount to an intentional insult within the meaning of Section 504, IPC if it does not have the necessary element of being likely to incite the person insulted to commit a breach of the peace of an offence and the other element of the accused intending to provoke the person insulted to commit a breach of the peace or knowing that the person insulted is likely to commit a breach of the peace. Each case of abusive language shall have to be decided in the light of

the facts and circumstances of that case and there cannot be a general proposition that no one commits an offence under Section 504, IPC if he merely uses abusive language against the complainant. In King Emperor v. Chunnibhai Dayabhai, (1902) 4 Bom LR 78, a Division Bench of the Bombay High Court pointed out that:- "To constitute an offence under Section 504, I.P.C. it is sufficient if the insult is of a kind calculated to cause the other party to lose his temper and say or do something violent. Public peace can be broken by angry words as well as deeds." (Emphasis supplied)

27. A bare perusal of Section 506 of the IPC makes it clear that a part of it relates to criminal intimidation. Before an offence of criminal intimidation is made out, it must be established that the accused had an intention to cause alarm to the complainant.

28. In the facts and circumstances of the case and more particularly, considering the nature of the allegations in the FIR, a prima facie case to constitute the offence punishable under Section 506 of the IPC may probably could be said to have been disclosed but not under Section 504 of the IPC. The allegations with respect to the offence punishable under Section 504 of the IPC can also be looked at from a different perspective. In the FIR, all that the first informat has sated that is that abusive language was used by the accused persons. What exactly was uttered in the form of abuses is not stated in the FIR. One of the essential elements, as discussed above, constituting an offence under Sectino 504 of the IPC is that there shold have been an act or conduct amounting to intentional insult. Where that act is

the use of the abusive words, it is necessary to know what those worlds were in order to decide whether the use of those words amounted to intentional insult. In the absence of these words, it is not possible to decide whether the ingredient of intentional insult is present.

(૧૪) આમ, ટ્રાયલ કોર્ટનુ તમામ રેકર્ડ ધ્યાને લેતા, ટ્રાયલ કોર્ટના વિ.જજશ્રી ધ્વારા ફોજદારી કેસ નં.૧૫૭/૨૦૨૧ ના કામે આપવામા આવેલ હુકમ યોગ્ય અને કાયદેસરનો અને પુરાવાની છણાવટ કરીને હુકમ કરવામાં આવેલ છે જેમાં અત્રેની અદાલતને કોઇ કાયદાકીય ખામી હોવાનુ જણાય આવતુ ન હોય સદરહુ હુકમમા અત્રેની અદાલતને હસ્તક્ષેપ કરવાની જરુરીયાત રહેતી ન હોય મુદા નં.૧ નો જવાબ ''નકાર'' મા આપુ છુ અને મુદા નં.૨ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરુ છુ.

**-:: હુકમ ::-**

(૧) હાલની ફોજદારી અપીલ નંબર ૧૩૦/૨૦૨૫ આથી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) ટ્રાયલ કોર્ટના વિ.મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા ફોજદારી કેસ નં.૧૫૭/૨૦૨૧ ના કામે કરવામા આવેલ હુકમ કાયમ રાખવામાં આવે છે.

(૩) ટ્રાયલ કોર્ટનુ અસલ રેકર્ડ તમામ પરત મોકલવુ.

હુકમ આજ તારીખ ૦૬ માહે એપ્રિલ,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

*સ્થળ: ભાવનગર.*
*તા.૦૬/૦૪/૨૦૨૬*

(એચ.એસ.મુલીયા)
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
**GJ00915**

*MUKHTAR*